GJPM020066912025

Presented on : 08-10-2025
Registered on : 08-10-2025
Decided on : 02-04-2026
Duration : 05 M 25 D

આંક –

---

## પંચમહાલ જિલ્લાના મહે. બીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ્ર્ટ કલાસશ્રીની અદાલતમા, મુકામ : ગોધરા

---

**::નમુના – અ ::**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ક્રિ.કેસ નંબર | ૪૭૮૮/૨૦૨૫ |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩(૧), ૧૮૧ મુજબ |
| પ્ર.માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૭૦૨૪૨૫૦૭૬૮/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | તાલુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | એમ. આર. ગોસાઇ |
| આરોપી પક્ષ | લેંબુભાઇ પ્રભાતભાઇ નાયક, ઉ.વ. ૪૭, રહે. પોપટપુરા, ગામતળ ફળીયુ, તા. ગોધરા, જિ. પંચમહાલ. |
| રજુઆત | આર. વી. પરમાર |

**::નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૦૭/૨૦૨૫ |
| પ્ર.બાતમી અહેવાલની તારીખ | – |
| આખરી અહેવાલની તારીખ | – |

| | |
|---|---|
| તહોમતનામાની તારીખ | ૨૦/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદો રાખવા માટેની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(જો લાગુ પડે તો) | – |

Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | લેંબુભાઇ પ્રભાતભાઇ નાયક | ૦૭/૦૮/૨૫ | | બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩(૧), ૧૮૧ મુજબ | નીર્દોષ | – | – |

**:: નમુનો – ક ::**

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ. ફરીયાદ પક્ષ**

| **અનુ.નં.** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સ.૧ | પ્રવિણભાઈ લેબાભાઈ નાયક | ફરીયાદી |

**બ. બચાવ પક્ષ**

| **અનુ.નં.** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| (૧) | – | – |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

**અ. ફરીયાદી**

| **અનુ.નં.** | **આંક** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદ |
| ૨. | ૦૯ | પંચનામુ |
| ૩. | ૧૦ | મરણોત્તરનુ પ્રમાણપત્ર |

**બ. બચાવ**

| **અનુ.નં.** | **આંક** | **વર્ણન** |
|---|---|---|
| (૧) | – | – |

**D મટીરીયલ ઓબજેકટ**

| **અનુ.નં.** | **મટીરીયલ્સ ઓબજેટક નંબર** | **વર્ણન** |
|---|---|---|
| (૧) | – | – |

**–: ચુકાદો : –**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૦–૦૭–૨૦૨૫ ના રોજ ક. ૧૭.૦૦ વાગ્યે મોજે બામરોલી ચોકડી રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબ્જાની મોટર સાઇકલ રજીસ્ટ્રેશન નંબર GJ–17–CL–3844 ની વગર લાઇસન્સે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી બામરોલી ચોકડી ઉપર મોટરસાઇકલ અચાનક સ્લીપ ખવડાવી પોતાને જમણા હાથના કોણીના ભાગે તથા જમણા પગે ઇજા કરી તથા સાહેદ સુમીત્રાબેનને માથાના પાછળના ભાગે ગંભીર ઇજા પહોંચાડી સારવાર દરમ્યાન એસ.એસ.જી. હોસ્પીટલ વડોદરા ખાતે મરણ જઇ ગુન્હો કરી બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩(૧), ૧૮૧

મુજબનો ગુન્હો કર્યા અંગેની ફરીયાદીની ફરીયાદના આધારે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન દ્ધારા તપાસ કરતા આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સની ધોરણસરની બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમા હાજર થયેલા છે, તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ છે, તેઓની વિરૂદ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પુરતો સમય આપવામા આવેલ છે. ત્યારબાદ આંક – ૩ થી ત્હોમતનામુ ફરમાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા આરોપીએ આંક –૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવેલ છે જેમા આરોપીઓએ તેની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે જેથી કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામા આવ્યો.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફ નીચે મુજબની વિગતે પુરાવો લેવામા આવેલ છે.

**મૌખીક પુરાવો**

| **આંક** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૦૭ | પ્રવિણભાઈ લેબાભાઈ નાયક | ફરીયાદી |

**દસ્તાવેજી પુરાવો**

| **આંક** | **વર્ણન** |
|---|---|
| ૦૮ | ફરીયાદ |
| ૦૯ | પંચનામુ |
| ૧૦ | મરણોત્તરનુ પ્રમાણપત્ર |

(૪) ફરીયાદપક્ષ તરફે આંક – ૧૧ થી પુરાવા બંધનુ પુરશીશ રજુ કરતા, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓ વિરૂદ્ધ કોઇ ખુલાસા લાયક પુરાવો જણાય આવતો ન હોય આરોપીઓનુ બી.એન.એસ.એસ. ની કલમ ૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઇ આરોપીને મહત્તમ સજા કરવા જણાવેલ છે.

જયારે આ કામે બચાવપક્ષે તેમના વિ.વ.શ્રી જણાવે છે કે, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખીક દલીલ કરેલ છે.

**બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૩(૧)(બી) પોઇન્ટ ફોર ડિટેરમીનેશન :**

(૬) આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો લક્ષમા લેતા, આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::મુદ્દા::**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૦–૦૭–૨૦૨૫ ના રોજ ક. ૧૭.૦૦ વાગ્યે મોજે બામરોલી ચોકડી રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબ્જાની

મોટર સાઇકલ રજીસ્ટ્રેશન નંબર GJ−17−CL−3844 ની વગર લાઇસન્સે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી બામરોલી ચોકડી ઉપર મોટરસાઇકલ અચાનક સ્લીપ ખવડાવી પોતાને જમણા હાથના કોણીના ભાગે તથા જમણા પગે ઇજા કરી તથા સાહેદ સુમીત્રાબેનને માથાના પાછળના ભાગે ગંભીર ઇજા પહોંચાડી સારવાર દરમ્યાન એસ.એસ.જી. હોસ્પીટલ વડોદરા ખાતે મરણ જઇ ગુન્હો કરી  બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩(૧), ૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે :

મુદ્દા નં. ૧ :   નકારમાં

મુદ્દા નં. ૨ :   આખરી હુકમ મુજબ

**−//કા ર ણો //−**

**<u>મુદ્દા નં. ૧ :</u>**

(૮) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક − ૦૭ થી ફરીયાદી પ્રવિણભાઇ લેબાભાઇ નાયકના પુરાવા મુજબ સદર અકસ્માત બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલ. બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા. અને ત્યારે તેમના પિતા તથા તેમના મમ્મી સુમીત્રાબેનનાઓ તેમની મોટર સાઇકલ લઇને તેમના મામાના ઘરે સાંકળી ગામે ગયેલા. ત્યારબાદ તેમના પિતાનો ફોન આવેલો અને જણાવેલ કે તેઓ ઘરે પરત આવતા હતા ત્યારે બામરોલી ચોકડી પર

બાઇકની સામે અચાનક કુતરી આવી જતા તેમની મોટરસાઇકલ લઇને પડી જતા તેઓને હાથે પગે વાગેલુ છે અને ફરીયાદીના મમ્મીને માથાના ભાગે ઇજાઓ થયેલી છે. જેથી કોઇએ તાત્કાલીક ૧૦૮ બોલાવી છે અને તેમા તેઓ બંન્ને ને ગોધરા સીવીલ હોસ્પીટલ ખાતે દવા સારવાર માટે દાખલ કરેલા જેથી તુ અહીયા આવીજા જેથી ફરીયાદી તાત્કાલીક સીવીલ મા ગયેલા અને જોયેલ તો તેમના પિતાના હાથે પગે પાટ્ટો બાંધેલો હતો તેમજ તેમની માતાને માથાના ભાગે ગંભીર ઇજાઓ થયેલી હોય પ્રાથમીક સારવાર આપીને ડોકટર સાહેબે તેમની માતાને વડોદરા એસજી હોસ્પીટલમા વધુ સારવાર માટે લઇને જવાનુ કહેતા તેમના કાકી તથા કાકા તેમની માતાને લઇને બરોડા લઇને ગયેલા ત્યારબાદ તેમની માતાનુ સારવાર દરમ્યાન મૃત્યુ થયેલુ જેથી ફરીયાદીએ ફરીયાદીએ તેમના પિતા જે મો.સા. ચલાવતા હતા તેઓ અકસ્માત કરેલ હોય તેઓની વિરૂદ્ધ ફરીયાદ આપેલ જે આંક – ૮ રજુ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સદર કેસ તેઓને આગળ ચલાવવો નથી તેમજ આ કામે પુરાવો રજુ કરવો નથી નામદાર કોર્ટમા સોગંદ પર જણાવે છે.

વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી તેની ઉલટ તપાસ કરવા માટેની મૌખીક વિનંતી ગ્રાહય રાખી પંચને વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસ માટેની પરવાનગી આપતા. સમગ્ર ઉલટતપાસ દરમ્યાન ફરીયાદી તેમના કેસની હકીકતને સમર્થન કરતા નથી.

ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની જાણ તેમને ફોનથી થયેલી, બનાવ તેમણે નજરે જોયેલ નથી.

(૯) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરીયાદી તથા પોતાની ફરિયાદ હકીકતને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ ફરીયાદીએ તેમના પુરાવામા વાહનની ઝડપ વિશે કોઇ પુરાવો જણાવેલ નથી વધુમા સદર ગુનાવાળી જગ્યા કે જે જાહેર જગ્યા છે તેમજ ત્યાં સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી આવે પરંતુ સદર ગુનાના કામે કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ થયેલ નથી. તે ઉપરાંત ફરીયાદીએ તેમની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી ફરીયાદપક્ષનો પુરાવો ગૌણ બની જાય છે.વધુમા આંક – ૦૮ ની ફરીયાદને સમર્થન મળતુ ન હોય ફરીયાદની હકીકતને માની શકાય નહી.

વધુમા મોટર એકસીડન્ટના કેસમા ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઇવીંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌપ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવુ જોઇએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનુ ડ્રાઇવીંગ કરતો હતો તથા સદર ડ્રાઇવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઇવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઇવીંગ બદલ દોષીત ઠરાવી શકાય નહી. વધુમા

**નામદાર સર્વોચ્ચ અદાલતની ફુલ બેંચે ''સ્ટેટ ઓફ હરીયાણા વિરૂદ્ધ શેરસીંગ '' જે ૨૦૦૯ (૧) ક્રાઇમ્સ પાન નં. ૫ ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે, "When there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of decreased due to rash and negligent driving could no be sustained."**

(૧૦) આમ, ઉપરોકત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતી તથા ચર્ચેલ ચુકાદા મુજબ તથા ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામે આરોપીએ પોતાનુ વાહન બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવેલ હોય તેવુ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, આ કામે રેકર્ડ ઉપરના પુરાવો તથા બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો તથા ઉપર ચર્ચા કરી તેને ધ્યાને લેતા બી.એન.એસ.ની કલમ ૨૮૧ વાહન ચાલક બેદરકારી ભરી રીતે ચાલવી લઇ આવી મનુષ્ય જીવનને તે ભયમા મુકે અથવા તો કોઇ અન્ય વ્યકિતને ઈજા કે નુકસાન કરે તે અંગેની છે. પરંતુ હાલના કેસમા કોઇ વ્યકિતને ઈજા થયેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી.

આ કામે આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૧૦૬(૧), ૧૨૫(એ) તથા એમ.વી. એકટની કલમ ૧૮૪, ૧૮૧, ૧૭૭, ૩(૧) મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર કલમ ૧૮૪ અન્વયે એમ.વી.એકટની કલમ ૨૦૯ દોષીત ઠરાવવા ઉપર નિયંત્રણ ની આદેશાત્મક જોગવાઇઓનુ જયારે પાલન થયેલુ હોય ત્યારે જ કલમ ૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. એમ.વી.એકટની કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઇ ધ્યાને લેતા આરોપીને ઉપરોકત ગુના સબબ ગુનો થયા બાદ ચેતવણી આપવામા આવેલી હોય કે તપાસ પુર્ણ થયા બાદ

તેઓની સામે ચાર્જશીટ કોર્ટમા દાખલ કરવામા આવશે અથવા તો ગુનો બન્યાના ૧૪ દિવસની અંદર સદર કલમ અન્વયેની નોટીસ ગુનો બન્યાનો પ્રકાર, સમય સ્થળ અને જે જગ્યાનો ગુનો બન્યો હોય તે તમામ વિગત જણાવતી નોટીસ આરોપીને અથવા તો જેના નામ ઉપર સંડોવાયેલ વાહન રજીસ્ટર મારફતે બજવણી કરવામા આવેલી હોવી જોઇએ. અથવા ગુનો બન્યાના ૨૮ દિવસની અંદર સદર ગુનાનો સમન્સની બજવણી આરોપીને કરવામા આવેલી હોવી જોઇએ. હાલના કેસમા ઉપરોકત આદેશાત્મક જોગવાઇનુ પાલન થયેલ હોવાનુ જણાતુ ન હોય ત્યારે આરોપીને એમ.વી.એકટની કલમ ૧૮૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાનમા લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકરાત્મક ઠરાવી, આ કેસના આખરી નિર્ણય માટે મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## <u>:: આખરી હુકમ ::</u>

૧) આ કામના આરોપી લેંબુભાઇ પ્રભાતભાઇ નાયક રહે. પોપટપુરા ગામતળ ફળીયુ, તા. ગોધરા, જિ. પંચમહાલ બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૩(૧), ૧૮૧ મુજબના ગુનામા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ અન્વયે રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ કરવા અને સરદહુ જામીન આ હુકમ થયેથી અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૦૨જી, માહે –એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૨/૦૪/૨૦૨૬

ગોધરા.

(આરાધના આર.યાદવ)
બીજા એડી.જયુડી.મેજી.ફ.ક.
ગોધરા,જિ.પંચમહાલ.
કોડ નં.જી જે ૦૧૬૭૨